**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૦ ટકા





ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિરના પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી મહારાજના ૮૩મા જન્મદિનની ઉજવણી સદભાવભરી રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાસ્ત્રીજીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભકતોને આર્શીવચન પાઠવ્યા હતા.

# પેથાપુર રાધિકા રેસીડન્સીમાં ત્રણ ફલેટના તાળા તુટયા

## બંધ મકાનનો નકુચો તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૧.૨૦ લાખના મુદામાલની ચોરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-મહુડી માર્ગ પર પેથાપુર ચોકડી પાસે આવેલ રાધિકા રેસીડન્સી ખાતે એક સાથે ત્રણ મકાનોને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યા છે. ફલેટના દરવાજાના નકુચા તોડીને અંદર પ્રવેશીને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના રોકડ સહિત કુલ રૂ.૧.૨૦ લાખની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવની ફરીયાદ પેથાપુર પોલીસ મથકે નોંધાતા પોલીસે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પેથાપુર ચોકડી પાસે આવેલ રાધિકા રેસીડન્સી ખાતે ડી બ્લોક ઘર નં-૧૦૫માં વિસનગરના વતની ખેમચંદભાઈ હરગોંવિદભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. અને વિસનગર ખાતે પોતાનો બિઝનેસ આવેલ છે. તેઓ ગત્ તા.૨૩ના રોજ સામાજીક પ્રસંગે બહારગામ ગયા હતા. તે અરસામાં જ આયુષ સતેન્દ્રકુમાર શર્મા પણ બહારગામ ગયા હતા. તે દરમિયાન રાધિકા રેસીડન્સીમાં એક સાથે ત્રણ મકાનના તાળા તુટવા પામ્યા છે. જેમાં બે મકાનમાંથી ચોરી થવા પામી છે જયારે એક મકાનમાં નિશાચરોને હાથ કંઈ લાગ્યું નથી. રાધિકા રેસીડન્સીના બે બંધ મકાનના નકુચા તોડીને અંદર પ્રવેશી ઘરમાં રાખેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળીને કુલ રૂ.૧.૨૦ લાખના મુદામાલની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. પેથાપુરમાં એક સાથે ફલેટના ત્રણ મકાનના તાળા તુટવાની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે ખેમચંદભાઈ હરગોંવિદભાઈ પટેલે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અષાઢી બીજે મેઘ પધરામણીથી ધરતીપુત્રોમાં ખુશીની લહેર



ચિલોડા, તા.૨૬

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં લાંબી પ્રતિક્ષા બાદ અષાઢી બીજના પવિત્ર દિવસે મેઘરાજની સમયસર પધરામણી થતાં ધરતીપુત્રોમાં તેમના પાકને જીવતદાન મળતા રાહતની લાગણી પ્રવર્તી હતી. ચિલોડા, મગોડી, ઈસનપુર મોટા, છાલા, ચંદ્રાલા, ડભોડા વિસ્તારમાં ચાલુ સાલે મે માસમાં આગોતરા પાક આયોજનમાં હરહંમેશની જેમ કપાસ અને મગફળીનું વાવેતર સારા પ્રમાણમાં થવા પામ્યું હતું ત્યારે ખેડૂતો મેઘરાજાની પધરામણીની ચાતકપક્ષીની જેમ રાહ જોતા હતા ત્યારે અષાઢી બીજે સાંજે હળવો અને મધ્યમસર વરસાદ આવતા મહામુલા પાકને જીવતદાન મળતા પિયત પાણીમાંથી રાહત થવા પામી હતી. ખેડૂતો આગામી દિવસોમાં વધુ આકાશી મેઘ વરસે તેવી અપેક્ષા સેવી રહ્યા છે. આમ મેઘ પધરામણીથી ખેડૂતોમાં આનંદ અને રાહતની લાગણી પ્રસરવા પામી છે.

# દહેગામ પાસે રીક્ષાને અજાણ્યા વાહને ટક્કર મારતા મુસાફરોને ઈજા

ગાંધીનગર, તા.૨૬

ચિલોડા-દહેગામ માર્ગ પર દહેગામ ફાટક પાસે પસાર થઈ રહેલી રીક્ષાને અજાણ્યા વાહને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રીક્ષામાં સવાર મુસાફરોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી અજાણ્યા કાર ચાલકને શોધવા તજવીજ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કડી તાલુકાના વડુ ગામમાંથી રીક્ષામાં બેસીને દહેગામ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન સવારે દસ વાગ્યાના અરસામાં દહેગામ ફાટક પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. જેને પગલે રીક્ષાનો અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર નૈતિક ઉ.૭, કનુભાઈ પરમાર, ઉ.૪૦, તિર્થ. ૧ ઉપેન્દ્રભાઈ તડવી ઉ.૭૦, જયાબેન હિતેશભાઈ નાયી, ઉ.૨૭ સુશીલા શંકરભાઈ નાયી ઉ.૪૦ રહે. તમામ વડુ, ને ઈજા પહોંચી હતી. અકસ્માત માં ઈજા પામેલાઓને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા તમામ ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી. જેમાં બે મુસાફરોને શરીરે ગંભીર ઈજા પહોંચતા અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનોં નોધી અજાણ્યા વાહન ચાલકને પકડવા તજવીજ શરુ કરી છે. જયારે વડુ ગામની રીક્ષાને દહેગામ પાસે અકસ્માત નડયો હોવાની જાણ ગામમાં થતા તાત્કાલીક ઈજાગ્રસ્તોના સગા-સ્નહીજનો ગાંધીનગર હોસ્પિટલ દોડી આવ્યા હતા.

# સે-૪માં વિજપોલને અડકી જતા ગાયનુ મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે ગઈકાલે રાત્રે વરસી રહેલા વરસાદમાં વિજપોલ પાસે ઉભી રહેલી ગાય અચાનક વિજપોલને અડકી જતા કરંટ લાગવાથી ગાયનું મૃત્યું થવા પામ્યું છે.

ગાંધીનગર શહેરને રોશનીથી ઝળહળતુ રાખવા માટે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર વિજપોલ ગોઠવવામાં આવ્યા છે. સાંજ ઢળતા જ સમગ્ર શહેરમાં લાઈટો શરુ થઈ જાય છે. દિવસ જેવો જ માહોલ રાત્રીના સુમારે જોવા મળે છે. ત્યારે શહેરમાં છેલ્લા ઘણા સમયથી વિજપોલની ક્ષતિઓ બહાર આવી રહી છે. જેમાં મોટાભાગના વિજપોલના ઢાંકણા તુટી ગયા છે તો કેટલાક ઢાંકણા ખુલ્લા જ રહેલા છે. ત્યારે વિજપોલમાં કરંટ પસાર થતો હોય છે. સામાન્ય સંજોગોમાં કરંટ લાગવાના બનાવ નહીવત બનતા હોય છે. પરંતુ ચોમાસાની સિઝનમાં ગમે તે સમયે વિજકરંટ લાગવાના બનવા બનતા હોય છે. તેવા સમયે વિજપોલના ઢાંકણા બંધ હોવા અનિવાર્ય હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ચોમાસાનો ધીમીગતિએ પ્રારંભ થઈ ચુક્યો છે. ગઈકાલે સાંજના સુમારે શરુ થયેલા વરસાદમાં શહેરમાં ઠેરઠેર ખાબોચીયા ભરાયા છે. જયારે વરસતા વરસાદથી બચવા માટે દરેક વ્યકતિ આડશ શોધતો હોય છે ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે વરસી રહેલા વરસાદમાં સેકટર-૪ ખાતે વિજપોલ પાસે ગાય ઉભી રહી હતી. તે દરમિયાન અચાનક ગાય વીજપોલને અડકી ગઈ હતી. પરંતુ આ પોલમાં વિજકરંટ પસાર થતો હતો. જેથી ગાય અડકી તેવો જ ગાયને કરંટ લાગતા ગાયનું મોત નિપજયુ હતું. વસાહતીઓને જાણ થતા તાત્કાલીક એકઠા થઈ ગયા હતા અને ગાયને બચાવવા માટે કોશીશ કરી હતી. પરંતુ ત્યાં સુધીમાં તો ગાયનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. તમામ નાગરીકો એ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો. ત્યારે



ચોમાસાની સિઝનમાં આવો ફરિવાર શહેરમાં ન બને તે માટે તંત્ર એ તકેદારીના પગલા તાત્કાલીક અસરથી લેવા જરુરી છે તેવી માંગ વસાહતીઓ દ્વારા કરાઈ છે.

## વાતવાતમાં

● ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા મયંક વ્યાસના એસબીઆઈના બેંક ખાતામાંથી થોડાક દિવસ પૂર્વે અચાનક રાત્રિના સમયે નેટ બેકિંગ દ્વારા રૂ. ૩૧,૬૦૦ ઉપાડવાનો પ્રયા, થયો હતો. જેમાંથી રૂ.૧૨ હજાર ઉપડી જવા પામ્યા હતા અને બાકીના રૂ. ૧૯,૬૦૦ને ખાતેદારની ફરિયાદના આધારે બેંક દ્વારા સ્થગિત કરી દેવાયા છે. અજાણ્યા ગઠિયાઓ દ્વારા ડેબિટ કાર્ડના નંબરના આધારે આ પૈસા એરટેલ મનીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા જે અંગેની ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશને નોંધાવવામાં આવી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રેરક ત્રિવેદી**

**ગાંધીનગર ગમે**

હરિયાળી, સુંદરતા, સરળતા, સગવડતા અને સહૃદયતાને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

રાજ્યભરમાંથી ને હવે તો દેશભરમાંથી આ શહેરમાં આવતાં લોકોને દૂધમાં સાકર ભળે એમ પોતાનામાં ભેળવી લેનારા પ્રેમાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સમદર્શન આશ્રમ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ ક્લબ, પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, રેડક્રોસ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા, કલા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતાની કામગીરી સટીક બને અને વધુમાં વધુ યુવાઓનો ફાળો નગરને મળે તો નગરને ચોક્કસપણે બહેતર બનાવી શકાય એમ છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ માટેના તેમજ સમાજોપયોગી સઘળા ઉપક્રમો માટે નગરને હું મારી સેવા આપવા તૈયાર છું.





વનશ્રી ટ્રસ્ટ દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવની ઉજવણી દરમિયાન ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળામાં ચોપડા અને અભ્યાસ કીટ તેમજ ધો-૩ થી ૮ના પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને મેડલ આપીને કરવામાં આવે છે. આ વર્ષે પણ સે-૮, સે-૨૧, સે-૨૦/૧, સે-૨૦/૨ની સરકારી પ્રાથમિક શાળામાં આ કાર્યક્રમ યોજાયો હતો. સાથે શાળામાં આવેલા મહેમાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. વનશ્રી ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ૨૦૦૦થી ૩૦૦૦ ચોપડાઓ, ૧૫૦ જેટલા મેડલો અને ૨૦૦થી પણ વધારે સ્ટેશનરી કીટ આપવામાં આવે છે. સમગ્ર સંચાલન વનશ્રી ટ્રસ્ટના સ્વયંમ સેવકો દ્વારા કરવામાં આવે છે.

# જરૂરિયાતમંદ વર્ગના બાળકોને બિસ્કિટનું વિતરણ



ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા ઉડાન દ્વારા શહેરમાં અવારનવાર વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવે છે. ઉડાન સંસ્થા દ્વારા 'પ્રયાસ' અભિયાન અંતર્ગત સે-૨૪માં જરૂરીયાતમંદ વર્ગના પરિવારોના બાળકોને આજે બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટીમ લીડર વિજયસિંહ માજીરાણા તથા યોગેન્દ્રસિંહ ચાવડા અને રેણુકા મેહ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સેવા કાર્યમાં જોડાવા માટે સેવાભાવી નગરજનોએ સંસ્થાના સંપર્ક નંબર ૯૬૦૧૨૯૯૪૨૯ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# આજે ગાંધીનગર જિલ્લા મંડપ ઈલેક્ટ્રીકલ્સ અને સાઉન્ડ એસોસીએશન દ્વારા જીએસટી અંગે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન દ્વારા તા.૨૭-૬-૨૦૧૭ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ , સે-૧૭ ખાતે બપોરે ૩ કલાકે જીએસટી અંગે સેમિનાર યોજાશે સાથે ગુજરાત મંડપ એસોસિએશન અધિવેશન આગામી તા. ૪ અને ૫ ઓગષ્ટના રોજ ગાંધીધામ ખાતે યોજાનાર છે ત્યારે ફોર્મ પણ ભરવામાં આવશે તેથી આ અધિવેશનમાં જોડાવા માટે દરેક એસોસીએશનના સભ્યોના ફોર્મ ભરવાના હોવાથી દરેક સભ્યોને હાજર રહેવા મંત્રી નરેશ દવેએ જણાવ્યું છે.

# ઉદયભાણસિંહજી કો-ઓપરેટિવ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટના દ્વિતિય પદવીદાન સમારોહનું આયોજન

ગાંધીનગરના સેકટર-૩૦ સ્થિત ઉદયભાણસિંહજી રિજીયોનલ ઈન્સ્ટિટયુટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ સંસ્થાનો દ્વિતિય પદવીદાન સમારોહ તા. ૨જી જુલાઈએ બપોરે ૩.૩૦ કલાકે સંકુલમાં યુઆરઆઈસીએમ હોલ ખાતે કેન્દ્રિય રેલવે મંત્રી સુરેશ પ્રભુની ઉપસ્થિતિમાં યોજાશે. આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા પંચાયતી રાજના કેન્દ્રિય રાજયમંત્રી પુરૂષોત્તમ રૂપાલા ગુજરાત રાજયના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા એનસીયુઆઈના વાઈસ પ્રેસિડેન્ટ તથા યુઆરઆઈસીએમના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન ઉપસ્થિત રહેશે. ઉદયભાણસિંહજી રિજીયોનલ ઈન્સ્ટિટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટના એગ્રિકલ્ચરલ બીઝનેસ મેનેજમેન્ટના પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ કોર્સને સફળ રીતે પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને આ સમારોહમાં પદવી એનાયત કરવામાં આવશે. કાર્યક્રમના સફળ આયોજન માટે સંસ્થાના ડાયરેકટર એચ.એસ.કે. તાંગીરાલાના માર્ગદર્શનમાં કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ચિલોડાના ભકતો બાબા અમરનાથના દર્શનાર્થે

## આંતકવાદીના ઓછાયાનો ભય રાખ્યા વગર અડગ મન અને શ્રધ્ધાના સથવારે ૩૫ જણાનું ગૃપ બાબા બર્ફાનીની શરણે જશે

ગાંધીનગર, તા.૨૬

દક્ષિણ કાશ્મીરમાં આવેલા અતુટ શ્રધ્ધાના સ્થળ એવા બાબા અમરનાથની યાત્રા ગુરુવારથી પ્રારંભાશે. આ યાત્રામાં સામેલ થવા દેશભરમાંથી લાખ્ખો શ્રધ્ધાળુઓએ કાશ્મીર જવા પ્રયાણ કરી લીધું છે. જેમાં ગાંધીનગરના ચિલોડાના એક શિવભકત ગૃપે પણ બાબા અમરનાથની યાત્રાએ જવા પ્રયાણ કર્યુ છે. અમરનાથ યાત્રા ઉપર આંતકવાદીઓના હુમલાનો ભય હોવા છતાં આ ગૃપે ભોળાનાથ ઉપર અતિ શ્રધ્ધા વ્યકત કરી અડગ મન સાથે બાબા બર્ફાનીના દર્શન કરવાની નેમ વ્યકત કરી છે. આ ગૃપને રવિવારના રોજ જય ભોલેનાથ જય ઘોષ સાથે પરિવાર સહિત ગ્રામજનોએ ભાવવિભોર બની પ્રયાણ કરાવ્યું હતું.



ચિલોડામાંથી બાબા બર્ફાનીની યાત્રાએ જનાર શિવભકતોમાં જાનીભાઈ, જીવણજી ચૌહાણ, ટીનુજી ઠાકોર, કનુજી ઠાકોર, દિનાજી ઠાકોર, વિષ્ણુજી ઠાકોર, છનાભાઈ રાવળ, હેત જાની સહિત અન્ય ૨૮ વ્યકિતઓનો સમાવેશ થાય છે ગૃપના જાનીભાઈ જણાવે છે કે 'ચાહે પથ્થર પડે કે બોંબ પડે અમને કંઈ જ ચિંતા નથી. અમારી ઉપર બાબા બર્ફાનીના આર્શીવાદ છે અને તેમના બુલાવા અને હુકમથી જ આ યાત્રા કરી રહ્યા છીએ.'

# કાનૂની જ્ઞાન ગોષ્ઠિનું શુક્રવારે આયોજન

ગાંધીનગર, તા.૨૬

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે કાનૂની જ્ઞાનગોષ્ઠિનું આયોજન તા. ૨૯મી જુનના રોડ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજના સાડા ચાર વાગે રાખેલ છે. ગાંધીનગરના જાણીતા અનુભવી વકીલો કાયદાકીય મુદ્દાઓ અંગે જાણકારી આપશે તેમ ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનના મહામંત્રી વી.પી. પરમારે જણાવેલ છે.

# એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૨૬

એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં નવા સત્રના પ્રારંભે શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નવા પ્રવેશ પામેલા વાલીઓને પી.પી.ટી. દ્વારા શાળાના સમગ્ર વાતાવરણથી પરિચિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના દ્વારા થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નિખિલ સરે કર્યું હતું. તેમજ આચાર્યા શ્રીમતી મિલી મેડમે આ પ્રસંગે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ભરતભાઈ નાગજીભાઈ પટેલ, ઉ.વ. ૪૫
- સ્વ. પાર્થીવ ઈશ્વરભાઈ રબારી, ઉ.વ. ૧૩